# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*

ક્રમાંકઃRMSA/ઓનલાઇન કાર્યક્રમ/૨૦૨૫/ 1146 તા:- ૩૧/૦૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી
પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ (સરકારી ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર ખાનગી શાળાઓ) તમામ.
સુરત, જિલ્લો-સુરત.

આ સાથે સામેલ સમગ્ર શિક્ષા,ગુજરાત શાળા શિક્ષણ પરિષદના પત્ર ક્રમાંકઃ એસએસ/ક્યુઈસેલ/૧/૨૦૨૫/૫૧૨૨-૫૧૯૨ તારીખ-૩૧/૦૧/૨૦૨૫ ના પત્રની જાણ અને ફરજીયાત અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

લલિત નારાયણ સિંઘ સાંદુ, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

सत्यमेव जयते

समग्र शिक्षा
Samagra Shiksha
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૫/ ૫૫૨૨ - ૫૫૯૨ તા-૩૧.૦૧.૨૦૨૫

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા-તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ
શાસનાધિકારીશ્રી- અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષય- "3030 Eklavya online program for teachers/students" ઓનલાઈન કાર્યક્રમ બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે CBSE અને CCL IITG(ઈન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર) દ્વારા **"3030 Eklavya online program for teachers/students"** ઓનલાઈન કાર્યક્રમ શરુ કરવામાં આવેલ છે. ગણિત અને વિજ્ઞાન વિષયને વર્ગખંડ અને રોજિંદા જીવનમાં ક્રિયાત્મક અને રસપ્રદ કેવી રીતે બનાવી શકાય તે માટે "3030 Eklavya online program for teachers/students"ના ત્રીજા તબક્કાનો ઓનલાઈન કાર્યક્રમ શરુ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ પાઠ્યક્રમ સાથે જોડાયેલ ગણિત અને વિજ્ઞાનની વિશેષતાઓ જાણી વર્ગખંડને જીવંત બનાવવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ગણિત અને વિજ્ઞાન વિષય સાથે જોડાયેલ રોચક વાતો દ્વારા આ વિષય પ્રત્યેનો ડર દુર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કુલ ૧૦ એપિસોડ હશે. એપિસોડના હોમવર્ક/અસાઇનમેન્ટ સબમિશન પર શિક્ષકોને ૩૦ કલાકનું CPD પ્રમાણપત્ર મળશે અને વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર પણ મળશે.

૧૭મી જાન્યુઆરીના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે તમામ રાજ્યો સાથે સમગ્ર શિક્ષાની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં શાળાના બાળકો, શિક્ષકો/આચાર્યોની પણ ગણિત-વિજ્ઞાન વિષયમાં રસરૂચી, ભાગીદારી વધે તે માટે ૩૦ કલાકની તાલીમ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

"3030 Eklavya online program for teachers/students" કાર્યક્રમનો પ્રથમ એપિસોડ ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫, રવિવારના રોજ સાંજે ૦૪:૦૦ થી ૦૪:૪૫ દરમિયાન પ્રસારિત કરવામાં આવેલ હતો. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી બહોળા પ્રમાણમાં શાળાના બાળકો અને શિક્ષકો જોડાયેલ હતાં. આ કાર્યક્રમનો આગામી બીજો એપિસોડ તા-૦૨.૦૨.૨૦૨૫, રવિવારના રોજ સાંજે ૦૪:૦૦ થી ૦૪:૪૫ દરમિયાન પ્રસારિત થનાર છે. ત્યારબાદ ક્રમશઃ બાકીના તમામ એપિસોડ(કુલ ૧૦ એપિસોડ) દર રવિવારે સાંજે ૦૪:૦૦ થી ૦૪:૪૫ દરમિયાન નીચે જણાવેલ લીંક મારફત પ્રસારિત થનાર છે.

ઉક્ત બાબતે નીચે જણાવેલ લીંક મારફત રજીસ્ટ્રેશન કરી આપના જિલ્લાના શિક્ષકો અને બાળકો "3030 Eklavya online program for teachers/students" ઓનલાઈન કાર્યક્રમમાં જોડાઈ શકે તે માટે આપના જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ (સરકારી, ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર ખાનગી શાળાઓ)ને આપની કક્ષાએથી જાણ કરશો.

ઓનલાઈન રજીસ્ટ્રેશન તેમજ એપિસોડ જોવા માટેની લીંક - https://eklavya.iitgandhinagar.ac.in/

Lalit Singh
(લલિત નારાયણ સિંઘ સાંદુ (IAS))

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સમગ્ર શિક્ષા, પહેલો માળ, સરકારી ઈન્કવાયરી ઓફીસ સામે, સેક્ટર-૧૯, ગાંધીનગર-ગુજરાત-૩૮૨ ૦૨૧.
ફોન નં. : (૦૭૯) ૨૩૨૮૧૦૦૦ / મોબાઈલ નં.: ૯૯૭૮૪૦૫૦૧૮ / ઈ-મેલ : spd-gcsess@gujarat.gov.in